| | | | | | |
|---|---|---|---|---|---|
| GJSK060014832025 | દાખલ તારીખ | :– | ૨૨/૦૯/૨૦૨૫ | | |
| | રજીસ્ટર થયા તારીખ | :– | ૨૨/૦૯/૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | :– | ૧૬/૦૭/૨૦૨૬ | | |
| | સમયગાળો | :– | વર્ષ | માસ | દિવસ |
| | | | ૦૦ | ૦૯ | ૨૪ |

**–:: નમૂનો–અ ::–**

સત્યમેવ જયતે

**વિજયનગરના મહે.જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.વિજયનગર, જિ.સાબરકાંઠા**

**ચુકાદાની તા.૧૬/૦૭/૨૦૨૬**

**ફોજદારી કેસ નં.૧૩૫૭/૨૦૨૫**

**આંક:–**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ... |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૯૦૫૫૨૩૦૧૨૩/૨૦૨૩ |
| પોલીસ સ્ટેશન | વિજયનગર પોલીસ સ્ટેશન |
| ફરીયાદપક્ષ | શ્રી સરકાર |
| રજુઆત | વિ. એ. પી. પી. શ્રી એન. કે. ગઢવી |
| આરોપીપક્ષ | **(૧) અક્ષયભાઇ કાવજીભાઇ નિનામા,** ઉ.વ.આ.૨૨, ધંધો–મજૂરી, **(૨) રાજેશભાઇ લાલજીભાઇ નિનામા,** ઉ.વ.આ.૪૮, ધંધો–મજૂરી, બન્ને રહે–ચંદવાસા, તા.વિજયનગર, જિ.સાબરકાંઠા. |
| રજુઆત | વિ.વ.શ્રી એમ.એલ.ખરાડી |

**–:: નમૂનો–બ ::–**

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૦૫/૦૩/૨૦૨૩ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૧૨/૦૩/૨૦૨૩ |
| ચાર્જશીટની તારીખ | ૨૨/૦૯/૨૦૨૫ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યા તારીખ | ૨૯/૧૧/૨૦૨૫ |
| પુરાવો શરૂ થયા તારીખ | ૨૪/૧૨/૨૦૨૫ |
| ચુકાદો મુલત્વી રાખ્યાની તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૧૬/૦૭/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ(લાગુ પડે તો) | –– |

**–:: આરોપીની વિગત ::–**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડ કર્યા તારીખ | જામીન પર છોડયા તારીખ | કયાં ગુન્હા હેઠળ ચાર્જફ્રેમ થયેલ છે. | શું દોષી/નિર્દોષ | સજા ની વિગત | ટ્રાયલ દરમ્યાન યુ.ટી.પી. રહેલ સમય ગાળો સી.આર.પી.સી. ૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | **અક્ષયભાઇ કાવજીભાઇ નિનામા** | ૧૯/૦૪/૨૦૨૩ | ૧૯/૦૪/૨૦૨૩ | ઇ.પી.કો. કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૪૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ | **નિર્દોષ** | –– | –– |
| ૨ | **રાજેશભાઇ લાલજીભાઇ નિનામા** | | | | | | |

**–:: નમૂનો–ક ::–**

**એ. ફરીયાદપક્ષ તરફે સાહેદો:–**

| **ક્રમ** | **આંક** | **સાહેદનું નામ** | **પુરાવાનો પ્રકાર** |
|---|---|---|---|
| ૧ | ૦૮ | વાલજીભાઇ પુનાજી નિનામાની જુબાની | પંચ સાહેદ |
| ૨ | ૧૦ | દિતાજી પુનાજી નિનામાની જુબાની | પંચ સાહેદ |
| ૩ | ૧૧ | ચેતનસિંહ નાથુસિંહ પરમારની જુબાની | પંચ સાહેદ |
| ૪ | ૧૩ | બચુભાઇ વિરજીભાઇ ખરાડીની જુબાની | પંચ સાહેદ |
| ૫ | ૧૫ | કોકિલાબેન લક્ષ્મણભાઇ નિનામાની જુબાની | ફરીયાદી |

**બી. ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| ૧ | ૦૯ | ગુન્હાવાળી જગ્યાનું અસલ પંચનામુ |
| ૨ | ૧૨ | મુદ્દામાલ રીકવરીનું અસલ પંચનામુ |
| ૩ | ૧૬ | અસલ ફરીયાદ |

**સી. આરોપીપક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ડી. આરોપીપક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**ઈ. કોર્ટ પક્ષ તરફે સાહેદો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**એફ. કોર્ટ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો:–**

| ક્રમ | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| –– | ––નીલ–– | ––નીલ–– |

**–: ઠરાવ :–**

**ફરીયાદપક્ષની ટુંકી વિગત :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૩/૨૦૨૩ ના કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે ચંદાવાસા ગામે હાથમાં તલવાર લઈ ફરીયાદીને તારા પતિએ સરપંચની ચૂંટણીમાં કેમ ઉમેદવારી કરી હતી તેમ કહી મા–બેન સામી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી જિલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો નોંધાતા તપાસ કરનાર અધિકારી દવારા

આરોપીઓ વિરૂધ્ધ પુરાવા હોય ઈન્સાફી કાર્યવાહી થવા સારૂ ચાર્જશીટ નામદાર અદાલતમાં રજુ કરવામાં આવેલ.

**<u>ન્યાયિક કાર્યવાહી :–</u>**

(૨) ઉપરોકત ગુનાની ફરીયાદ સંદર્ભે હાલના કામનુ ચાર્જશીટ રજુ થતા ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૪ અન્વયે આરોપીઓ સામે સમન્સ ઈશ્યુ કરવામાં આવેલ જેની ધોરણસર બજવણી થતાં આરોપીઓ તેમના વિ.વ.શ્રી મારફતે અદાલતમાં હાજર થયા ત્યારબાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૦૭ અન્વયે આરોપીઓને વિનામૂલ્યે પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી કર્યા બાદ ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૪૦ મુજબ આંક–૦૪ થી વિગતવારનું તહોમતનામુ ફરમાવી વાંચી સંભળાવી ગુન્હા અંગે આંક–૦૫ થી આંક–૦૬ સુધી આરોપીઓનું નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ અને તેઓ કેસ આગળ ચલાવવા માંગતા હોવાનું જણાવેલ જેથી હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરી પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) હાલના કેસમાં ફરીયાદપક્ષ તરફે તેમના કેસના સર્મથનમાં ઉપરોકત **નમૂના–ક**માં **પત્રક–એ** થી **મૌખિક પુરાવા** અને **પત્રક–બી**થી **દસ્તાવેજી પુરાવા** રજુ કરેલ છે. ત્યારબાદ ફરીયાદપક્ષે <u>આંક–૧૭</u> થી કલોઝીંગ પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે ખુદ ફરીયાદીએ વિશેષ પુરાવો આપવા માંગતા નથી તેવું પુરસીસથી જાહેર કરેલ છે તેમજ કેસના સંજોગો વિચારણામાં લેતાં પોલીસ રીપોર્ટમાં દર્શાવેલ અન્ય સાક્ષી તપાસવાથી પણ કેસની હકીકત નિ:શકપણે પુરવાર થઈ શકે તેવી સંભાવના ન હોય તે તમામ સંજોગોમાં,નામદાર સર્વોચ્ચ અદાલતના **<u>૧૯૯૬(૩), ક્રાઈમ્સ, ૮૫, "સતીષ મહેરા વિ. દિલ્હી એડમિનિસ્ટ્રેશન"</u> તથા <u>(૨૦૦૮) ૯, એસ.સીસી., ૬૭૭, "નિખિલ મરચન્ટ વિ. સીબીઆઈ."</u> તથા <u>(૨૦૦૮) ૪, એસ.સીસી., ૫૮૨,"મદનમોહન વિ. સ્ટેટ ઓફ પંજાબ"</u>** ના ચુકાદાઓમાં નામદાર

સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ સિધ્ધાંત મુજબ જયારે આરોપીને તકસીરવાન ઠરાવવાની કોઈ શક્યતા જણાતી ન હોય ત્યારે, અદાલતે આવા પ્રોસીડીંગ્સ આગળ ચલાવવા ફ્યુટાઈલ એકસરસાઈઝ કરવી ન જોઈએ તે સિધ્ધાંત ધ્યાને લઈ ફરીયાદપક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે અને ફરીયાદપક્ષ દવારા પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૩૧૩(ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા,૨૦૨૩ની કલમ–૩૫૧) અન્વયે વિશેષ નિવેદન લેવા જેટલો પૂરાવો ન હોય, વિશેષ નિવેદન લીધેલ નથી.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એન.કે.ગઢવી તથા આરોપીઓ તરફે વિ.વ.શ્રી જે.એસ. અસોડાની દલીલો માનપુર્વક સાંભળવામાં આવેલ છે.

(૬) હાલના કેસમાં ઉપરોકત કાયદાકીય પરિસ્થિતિ, હકિકતો તથા બંને પક્ષકારો તરફથી રજુ કરવામાં આવેલ દલીલો ધ્યાને લેતાં, કેસનો ન્યાયિક નિર્ણય કરવા માટે મારી સમક્ષ નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::મુદાઓ::–**

**૧.** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવુ સાબિત કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૫/૦૩/૨૦૨૩ ના કલાક ૧૬/૩૦ વાગ્યાના સુમારે મોજે ચંદાવાસા ગામે હાથમાં તલવાર લઇ ફરીયાદીને તારા પતિએ સરપંચની ચૂંટણીમાં કેમ ઉમેદવારી કરી હતી તેમ કહી મા–બેન સામી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગુન્હો કરવામાં એકબીજાની મદદગારી કરી જિલ્લા મેજી. સાહેબશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨), ૧૧૪, જી. પી. એકટની કલમ–૧૩૫ મુજબનો ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે ન્યાયિક નિર્ણયો નીચે મુજબ છે.

## –::નિર્ણયો::–

**૧.** નકારમાં

**૨.** આખરી હુકમ મુજબ.

## –::નિર્ણયના કારણો::–

**મુદા નંબર: ૦૧ :–**

(૮) આ કામે સૌ પ્રથમ કેસનો નિર્ણય કરતા પહેલા ફરિયાદ પક્ષે પોતાના કેસનાં સમર્થનમાં તપાસેલ સાહેદોની જુબાની જોવી આવશ્યક જણાતી હોય, જેની ચર્ચા નીચે મુજબ કરેલ છે:

**પંચ સાહેદોની જુબાની :–**

(૮.૧) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક –૦૮ થી પંચ સાહેદ વાલજીભાઈ પુનાજી નિનામા અને આંક–૧૦ થી પંચ સાહેદ દિતાજી પુનાજી નિનામાને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૯ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

(૮.૨) આ કામે ફરીયાદપક્ષ તરફે આંક –૧૧ થી પંચ સાહેદ ચેતનસિંહ નાથુસિંહ પરમાર અને આંક–૧૩ થી પંચ સાહેદ બચુભાઈ વિરજીભાઈ ખરાડીને તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં આંક–૧૨ થી રજુ મુદામાલ રીકવરી પંચનામામાં તેઓ પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય પંચનામાની કોઈપણ વિગત અંગે કંઈપણ હકીકત જણાવતા નથી.

સદરહુ પંચો પોતાની જુબાનીમાં સહી સિવાય પંચનામાની કે ગુનાની વિગત અંગે કંઈપણ બાબત જણાવતા નથી, તેથી આ કામે પંચો ફરી ગયેલ છે વધુમાં પંચોને હોસ્ટાઈલ જાહેર કર્યા બાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવા છતા ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

તેઓ બંનેનો પુરાવો સંયુકત રીતે વાંચતા અને તપાસતા એવુ ફલીત થાય છે કે,પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી.

**ફરીયાદીની જુબાની :–**

(૮.૩) આ કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદી કોકીલાબેન લક્ષ્મણભાઇ નિનામાને આંક–૧૫ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં જણાવેલ કે, બનાવ આજ થી આશરે ત્રણેક વર્ષ પહેલા બનેલો. બનાવના દિવસે તેઓને અને તેઓના ગામના અક્ષયભાઇ કાવજીભાઇ નિનામા તથા રાજેશભાઇ લાલજીભાઇ નિનામાનાઓ વચ્ચે સામાન્ય બાબતને લઈને એક–બીજાને બોલવાનું થયેલુ, તે બાબતે તેઓને મન દુ:ખ લાગતાં તેઓએ આરોપીઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. આ કામે આંક–૧૬ થી રજુ અસલ ફરીયાદમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ છે. આ સિવાય બીજુ કંઈ જાણતી નથી.

બચાવપક્ષ તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહીં. આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી. અક્ષયભાઇ કાવજીભાઇ નિનામાઓ પોતાના હાથમાં તલવાર લઈ તેઓને મારવા આવેલા હોય તેવું પણ બનેલ નથી. આરોપીઓએ તેઓની સાથે ગાળા–ગાળી કરેલ હોય તેવુ બનેલ નથી. અક્ષયભાઇ કાવજીભાઇ નિનામાના આરોપીઓના હાથમાં તલવાર કે અન્ય કોઈ હથિયાર જોયેલા નહી. ફરીયાદ કરવા ગયેલા તે વખતે ગામના આગેવાનો તેઓને જોડે આવેલ હતા. ફરીયાદ તેઓના જોડે આવેલ ગામ

આગેવાનોએ લખાવેલી અને તેમાં તેઓને સહી કરવા કહેતાં તેઓએ ફકત સહી કરી આપેલી. ફરીયાદ તેઓએ વાંચેલી નહીં કે તેઓને કોઈએ વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી.

(૯) આ કામના આરોપી વિરૂધ્ધ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મૂળભૂત સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનું રહે છે. વધુમાં ફરીયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે ફરીયાદપક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવાના રહે છે. આમ, આ કામે આરોપી સામે જયારે ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪, ૫૦૬(૨),૧૧૪, જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનો આક્ષેપ છે, ત્યારે ફરીયાદપક્ષે નીચે મુજબના આવશ્યક તત્વો રેકર્ડ પર શંકાથી પર સાબિત કરવાના રહે છે.

**(૯.૧) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ : તત્વો:–**

૧. આરોપીએ ઈરાદાપુર્વક કોઈનું અપમાન કર્યું હોય,

૨. તેમ કરીને આરોપી તે વ્યકિતને ઉશ્કેરવા માંગતી હતી,

૩. આરોપી જાણતો હતો કે તેમ થવાથી તે વ્યક્તિ જાહેરશાંતીનો ભંગ કરશે અથવા ગુન્હો કરી બેસશે.

**(૯.૨) ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૬(૨) : તત્વો:–**

૧. આરોપીએ ફરિયાદીને તેના શરીર, મિલકત અથવા પ્રતિષ્ઠાને કે તે અન્ય વ્યકિતમાં હીત ધરાવતી હોય તેના શરીર અથવા પ્રતિષ્ઠાને હાની પહોંચાડવાની ધમકી આપી,

૨. આવી ધમકી ફરિયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કૃત્ય કરે અથવા જે કરવાનો પોતાને કાનૂની અધિકાર હોય તેવુ કૃત્ય ન કરે, તેવા ઈરાદાથી આપવામાં આવી હતી અથવા આવી ધમકી મૃત્યુ નિપજાવવાની કે મહાવ્યથા કરવાની કે કોઈ મિલકતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષ

સુધીની કેદની સજાને પાત્ર ગુન્હો કરવા અંગેની હતી અથવા આવી ધમકી સ્ત્રી ઉપર ચારીત્રહીનતાનો આક્ષેપ કરવા અંગેની હતી.

**(૯.૩) ભારતીય દંડ સંહિતાની કલમ–૧૧૪ : તત્વો:–**

૧. મુખ્ય ગુન્હો બન્યો હોવો જોઈએ, એટલે કે જે ગુન્હાની મદદગારી કરવામાં આવી હોય તે બન્યો હોવો જોઈએ,

૨. તે મુખ્ય ગુન્હામાં મદદગારે મમદગારી કરી હોવી જોઈએ,

૩. ગુન્હો બને ત્યારે મદદગારની હાજરી ત્યાં હોવી જોઈએ,

૪. અથવા આવો મદદગાર ગેરહાજર હોય તો તેની જવાબદારી નિશ્ચિત થાય તેવી મદદગારી તેણે કરી હોવી જોઈએ અથવા

૫. ગુન્હો બનતા પહેલા તથા ગુન્હો બને ત્યારે મદદગારે મદદગારી કરી હોવી જોઈએ.

**(૯.૪) જી.પી. એકટની કલમ–૧૩૫ : તત્વો:–**

૧. બનાવના સ્થળ અને સમય અંગે ગુજરાત પોલીસ એકટની કલમ–૩૭ મુજબ કાયદેસર રીતે હથીયાર બંધી અંગે હુકમ કરવામાં આવેલ અને તે હુકમ અસ્તિત્વમાં હતો,

૨. હથીયાર બંધી અંગેનો હુકમ જાહેરનામાં માટે ઠરાવેલ પધ્ધતીથી, યોગ્ય રીતે પ્રસિધ્ધ કરવમા આવેલ,

૩. આ કામના આરોપી સદરહું જાહેરનામાંમાંથી પ્રતિબંધિત જગ્યામાં હથીયાર ધારણ કરી તે હુકમનું પાલન કરેલ નથી, અથવા તેનું પાલન ન કરવામાં કોઇને મદદ કરેલ છે.

(૧૦) આ કેસના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ ઘડવામાં આવ્યા છે તે તથા ઉપરોકત રજુ પુરાવાઓ જે હકીકતો સાથે સંકળાયેલા છે, તે હકીકતો સાબિત થઈ છે કે કેમ, તે અંગે પુરાવાનું વિશ્લેષણ અને મૂલ્યાંકન શરૂ કરતા પહેલા ભારતીય પુરાવા અધિનિયમના સિદ્ધાંતો અને કાયદાકીય જોગવાઈઓ નોંધવી આવશ્યક છે, જે નીચે મુજબ છે.

- **કઈ બાબતનો પુરાવો આપી શકાય**

કઈ બાબતનો પુરાવો આપી શકાય તે માટે સૌપ્રથમ ભારતીય પુરાવા અધિનિયમ, ૧૮૭૩ ની કલમ–૫(ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૩) જોવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

Evidence may be given of facts in Issue and relevant facts. Evidence may be given in any suit or proceeding of the existence or non-existence of every fact in issue and of such other facts as are hereinafter declared to be relevant, and of no others.

આ જોગવાઈ પ્રમાણે પુરાવો Fact In Issue માટેનો અથવા તો Relevant હકીકતો માટેનો જ આપી શકાય બીજી કોઈ બાબતનો પુરાવો આપી શકાય નહીં.

ભારતીય પુરાવા અધિનિયમ પ્રમાણે એક હકીકત, બીજી હકીકત સાથે Relevant ત્યારે કહી શકાય, જ્યારે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૫ થી ૫૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૩ થી ૫૦) મુજબ તેને સુસંગત ગણવામાં આવી હોય.

- **જજમેન્ટનો આધાર :**

વળી, કોઈપણ વિવાદનું જજમેન્ટ શાના આધારે આપવું જોઈએ, તે બાબતે ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૬૫ (ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૬૮)ના પ્રોવાઈઝોની જોગવાઈ ધ્યાન પર લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે.

"Provided that the judgment must be based upon facts declared by this Act to be relevant, and duly proved:"

આ જોગવાઈ પ્રમાણે જજમેન્ટ માત્ર Proved relevant facts પર જ આધારિત હોવું જોઈએ. તેથી હવે

પછી હકીકતોનું મૂલ્યાંકન Fact In Issue અને Relevant Fact માટે જ કરવામાં આવ્યું છે.

**ઉપરોકત રજુ પુરાવાઓનું સંયુકત મુલ્યાંકન :–**

**(૧૧)** ઉપરોકત પુરાવાની બારીકાઇથી મુલ્યાંકન કરવામાં આવે તો આ કામે આંક–૦૮ થી પંચ સાહેદ વાલજીભાઇ પુનાજી નિનામા અને આંક–૧૦ થી પંચ સાહેદ દિતાજી પુનાજી નિનામા ને તપાસવામાં આવેલ. પરંતુ તેઓએ આંક–૦૯ થી રજુ ગુન્હાવાળી જગ્યાના પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. ત્યારબાદ આ કામે આંક–૧૧ થી પંચ સાહેદ ચેતનસિંહ નાથુસિંહ પરમાર અને આંક–૧૩ થી પંચ સાહેદ બચુભાઇ વિરજીભાઇ ખરાડીને તપાસવામા આવેલ. પરંતુ તેઓએ આંક–૧૨ થી રજુ મુદ્દામાલ રીકવરી પંચનામામાં માત્ર પોતાની સહી ઓળખી બતાવેલ છે તે સિવાય પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વધુમાં તેઓની ઉલટતપાસ જોવામાં આવે તો તેમણે એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા તેમણે સહી કરેલી. આમ, સદર ત્રણેય પંચનામાના પંચ સાહેદોએ પંચનામાને સમર્થન આપેલ ન હોય, પંચનામુ સાબીત થતુ નથી. ત્યારબાદ ફરીયાદપક્ષે ફરીયાદી પોતે તથા અન્ય સ્વતંત્ર સાહેદો ફરીયાદપક્ષના કેસને સર્મથન કરતા ન હોય તથા ફરીયાદપક્ષે આંક–૧૭ થી કલોઝીંગ પુરસીસ આપેલ છે તથા વધુ સાહેદ તપાસવાથી કેસના ગુણદોષમાં કોઈ ફરક પડે તેમ ન હોય વધુ સાહેદ તપાસવામાં આવેલ નથી. સોગંદ પરનો પુરાવો જોતા ખુદ ફરીયાદી જ એવુ જણાવે છે કે, બનાવના દિવસે તેઓને અને તેઓના ગામના અક્ષયભાઇ કાવજીભાઇ નિનામા તથા રાજેશભાઇ લાલજીભાઇ નિનામાનાઓ વચ્ચે સામાન્ય બાબતને લઈને એક–બીજાને બોલવાનું થયેલુ, તે બાબતે તેઓને મન દુ:ખ લાગતાં તેઓએ આરોપીઓ વિરુધ્ધ પોલીસ ફરીયાદ આપેલી. આ કામે આંક–૧૬ થી રજુ અસલ ફરીયાદમાં તેઓએ પોતાની સહી ઓળખી બતાવેલ

છે. આ સિવાય બીજુ કંઈ જાણતી નથી તથા ઉલટતપાસમાં તેઓએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવમાં સામાન્ય બોલાચાલી સિવાય બીજુ કંઈ બનેલ નહીં, આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવુ બનેલ નથી, અક્ષયભાઇ કાવજીભાઈ નિનામાઓ પોતાના હાથમાં તલવાર લઈ તેઓને મારવા આવેલા હોય તેવું પણ બનેલ નથી, આરોપીઓએ તેઓની સાથે ગાળા-ગાળી કરેલ હોય તેવુ બનેલ નથી, અક્ષયભાઇ કાવજીભાઇ નિનામાના આરોપીઓના હાથમાં તલવાર કે અન્ય કોઈ હથિયાર જોયેલા નહી, ફરીયાદ કરવા ગયેલા તે વખતે ગામના આગેવાનો તેઓને જોડે આવેલ હતા, ફરીયાદ તેઓના જોડે આવેલ ગામ આગેવાનોએ લખાવેલી અને તેમાં તેઓને સહી કરવા કહેતાં તેઓએ ફકત સહી કરી આપેલી, ફરીયાદ તેઓએ વાંચેલી નહીં કે તેઓને કોઈએ વાંચી સંભળાવેલ હોય તેવુ બનેલ નથી.

(૧૨) ઉપરોકત કરેલ ચર્ચા મુજબ આ કામે ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધ ફરમાવવામાં આવેલ તહોમત મુજબનો આક્ષેપ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હોય **મુદા નં.૦૧**નો જવાબ "**નકાર**"માં આપી **મુદા નં.૦૨** અન્વયે નીચે મુજબનો **"આખરી હુકમ"** કરવામાં આવે છે.

**-:: આખરી હુકમ : :-**

(૧) આ કામના આરોપી નં.(૧) અક્ષયભાઇ કાવજીભાઇ નિનામા, ઉ.વ.આ.૨૨, આરોપી નં.(૨) રાજેશભાઇ લાલજીભાઇ નિનામા, ઉ.વ.આ.૪૮, બન્ને રહે-ચંદવાસા, તા.વિજયનગર, જિ.સાબરકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડ, ૧૯૭૩ની કલમ-૨૪૮(૧) (ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા, ૨૦૨૩ની કલમ-૨૭૧(૧)) અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ-૫૦૪, ૫૦૬ (૨), ૧૪૪ તથા જી.પી. એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હાના તહોમતમાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭ (એ) (ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ની કલમ-૪૮૧) અન્વયે છ માસ માટેના અપીલ અદાલત સમક્ષ અપીલ થયેથી હાજર થવા માટેના રૂપીયા ૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા)ના જામીન તથા તેટલી જ રકમના જાતમુચરકા રજુ કરવા વિકલ્પે જામીન તરીકે ચાલુ રહેવા અંગેની પુરસીસ રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે કરવામાં આવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમોનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ : ૧૬મી, માહે : જુલાઇ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

તા.૧૬/૦૭/૨૦૨૬
મુ. વિજયનગર

**(ભાવેશ ચંદુલાલ વાજા)**
જયુડી.મેજી. ફ.ક., વિજયનગર
(જજ કોડ નં.જીજે૦૧૭૪૧)

//A.A.P.//